# સહાયક શિક્ષક

વિદ્યાર્થીઓને સમૃદ્ધ અને રચનાત્મક શૈક્ષણિક વાતાવરણ પૂરું પાડવા માટે સહાયક શિક્ષકો, મુખ્ય શિક્ષકો, સંચાલકો અને વર્ગખંડ સહાયકો સાથે સહયોગ કરે છે. તેઓ ભોજન વિરામ, રિસેસ અને પ્રવાસ જેવી બિન-વર્ગખંડ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની દેખરેખ રાખે છે, અને તેઓ શિક્ષણ સામગ્રીને સુદ્રઢ કરવા માટે નાના જૂથોમાં અથવા વર્ગખંડમાં એક-એક વિદ્યાર્થીઓ સાથે મળીને કામ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને નાના બાળકો સાથે વાતચીત કરવી ગમે છે
- તમે ધૈર્યવાન અને સારા શ્રોતા છો
- તમને ભણાવવાનો શોખ છે
- તમે સુવ્યવસ્થિત રીતે અને હળીમળીને કામ કરી શકો તેમ છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૪૫,૦૦૦ થી ૧,૨૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in**ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, પ્રાથમિક શિક્ષણમાં ડિપ્લોમા અથવા સમકક્ષ ડિગ્રી મેળવો.

**અથવા**

કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, B.Ed./વિશેષ શિક્ષણમાં (સ્પેશિયલ એજ્યુકેશન) બી.એડ. ડિગ્રી મેળવો.

**અથવા**

પ્રાથમિક શિક્ષણમાં સ્નાતક (B.L.Ed.) / B.A.Ed. / B.Sc.Ed. ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક સહાયક શિક્ષકનું અંદાજીત માસિક વેતન **રૂ. ૬,૬૬૭ થી ૪૨,૩૩૩*** જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Teacher_Assistant/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સરકારી અને ખાનગી શાળાઓ, સે-કેર્સ, સ્વૈચ્છિક સંસ્થાઓ, શિક્ષણ કેન્દ્રો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમારે બાળકો સાથે વર્ગખંડના વાતાવરણમાં કામગીરી બજાવવાની રહે છે. પાર્ટ-ટાઈમ કામ અને કરાર આધારિત નોકરીઓ ઉપલબ્ધ થઈ શકે છે. સંસ્થાઓ સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દિવસમાં ૮ થી ૯ કલાક કામ કરે છે. સંસ્થા મુજબ તેમાં ફેરફાર હોય શકે છે. શિફ્ટ સિસ્ટમ ઉપલબ્ધ હોઈ શકે છે. ઓવરટાઈમની જરૂર પડી શકે છે. સ્વ-રોજગાર પ્રાપ્ત કરવાના અવસરો પણ ઉપલબ્ધ બની શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

### અપેક્ષિત પ્રગતિ પથ

સહાયક શિક્ષક → કિન્ડરગાર્ટન/પ્રાથમિક શાળાના શિક્ષક → માધ્યમિક શાળાના શિક્ષક → હાઈસ્કૂલના શિક્ષક/વિશેષ શિક્ષણ શિક્ષક (વધારાનું શિક્ષણ મેળવ્યા બાદ) → શાળા લીડરશીપ ટીમના સભ્ય → વિભાગના વડા/સુપરવાઈઝર → નાયબ આચાર્ય → આચાર્ય

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. આઈ.આઈ.ટી, ગાંધીનગર
૨. બનારસ ઈન્સ્ટિટ્યુટ ઑફ ટીચર્સ એજ્યુકેશન, મહાત્મા ગાંધી કાશી વિદ્યાપીઠ, વારાણસી
૩. પ્રાદેશિક શિક્ષણ સંસ્થા, અજમેર
૪. પટના મહિલા કોલેજ, પટના
૫. ઈવિંગ ક્રિશ્ચિયન કોલેજ, અલ્હાબાદ
૬. રાજ્ય વિજ્ઞાન શિક્ષણ સંસ્થાન, જબલપુર
૭. વિશ્વનાથ કોલેજ ઓફ એજ્યુકેશન, ગૌહાટી
૮. જિલ્લા શિક્ષણ અને તાલીમ સંસ્થા, સુરત

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)
૧. વુમન પ્રાઈમરી ટીચર્સ એજ્યુકેશન કોલેજ, ચંદવાડા, મુઝફ્ફરપુર
૨. કૉલેજ ઓફ સ્પેશ્યલ એજ્યુકેશન, ઈન્દ્રપ્રસ્થ - કચ્છ
૩. એમ હુસેન શિક્ષક તાલીમ સંસ્થા, પશ્ચિમ બંગાળ
૪. અલ અમીન લઘુમતી શૈક્ષણિક અને સાંસ્કૃતિક સંસ્થા ટ્રસ્ટ, કોલકાતા
૫. એસ.સી.ટી. કોલેજ ઓફ એજ્યુકેશન, બેંગ્લોર
૬. એમિટી યુનિવર્સિટી, નોઈડા
૭. જી.ડી. ગોએન્કા યુનિવર્સિટી, ગુડગાંવ
૮. બ્લાઈન્ડ પીપલ્સ એસોશિએસન, અમદાવાદ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે -
https://www.nirfindia.org/2022/Ranking.html

### ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

મને સ્કેન કરો
વેબસાઈટ પર જુઓ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ટીચર, આસિસ્ટન્ટ ટીચર, સ્કૂલ ટીચર